શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનનો સંવાદ-સેતુ

# શ્રુતદીપ

॥ सुयं मे आउसं ॥

વિક્રમ સંવત ૨૦૭૬ • વર્ષ : ૪ • અંક : ૨ • ઑક્ટોબર ૨૦૨૦

## કોરોના અને હસ્તપ્રતોની સુરક્ષા : સહચિંતન

**પ.પૂ.ગણિવર્ય શ્રી વૈરાગ્યરતિવિજયજી મ.સા.**

આજે સમસ્ત વિશ્વમાં કોવિડ-૧૯ નામના રોગનો ભય છવાયેલો છે. આના ઉદ્રેકથી બચવા માટે પ્રત્યેક દેશ પોત-પોતાની ક્ષમતાથી જોડાયેલા છે. વાસ્તવિકતા એ છે કે આવી સમસ્યાનો સામનો કરવા માટે પ્રત્યેક દેશ પાસે પોત-પોતાની સક્ષમ વ્યવસ્થા, સક્ષમ તત્પરતા અને સક્ષમ સ-સૂત્રતા તો હોય જ છે, પણ આ વૈશ્વિક આપદાની સામે બધા દેશોની વચ્ચે પરસ્પર સહયોગ સાથે સમાવેશકતા પણ હોવી જોઇએ. આ પૂર્વે કોરોના વિષાણુની વિજ્ઞાનને સાવ જાણકારી જ ન હતી, એવું પણ નથી, પરંતુ સર્વસમાવેશક દૃષ્ટિકોણના અભાવે સમયસર આ જાણકારી ઉપલબ્ધ ન થઈ અને વિજ્ઞાન કઈ સમજે તે પહેલાં જ કોરોનાએ તીવ્ર ગતિથી આખા વિશ્વને પોતાના સકંજામાં લઈ લીધું.

વિષાણુઓને કારણે લાંબા સમયથી વિશ્વમાં અનેક સંશોધન થતા રહે છે, પણ તેમાં અનેક દેશોના નિષ્કર્ષ ઘણી વાર સંદેહશીલ અને ભ્રામક પણ હોય છે. કોરોનાના સંદર્ભમાં તો અસંખ્ય સાચી-ખોટી જાણકારીઓ ફેલાઇ છે અને ફેલાઇ રહી છે. કોરોનાના ભયથી ભરેલી અનેક જાણકારીઓનો પ્રચંડ ઉદ્રેક પણ થયો. આવી ઉડતી જાણકારીઓને **મેસિવ્હ ઇન્ફોડેમિક** કહેવાય છે. (Massive Infodemic-પ્રચંડ જાણકારીઓની ઉપલબ્ધિ)

પ્રાયઃ આવા સંશોધનોની જાણકારીઓ પરસ્પર અન્ય દેશો સુધી પહોંચી જ નથી શકતી. આની પાછળનું કારણ પ્રત્યેક દેશના પોતાના આર્થિક હિત છે. દરેક દેશ પોતાની શોધ પ્રક્રિયા અને પરિણામને ગુપ્ત રાખવા માગે છે. આ કારણે આપત્તિના સમયમાં તે ઉપલબ્ધિઓની જાણકારી યોગ્ય જગ્યાએ અને યોગ્ય સમયે પહોંચતી નથી. પરિણામે મનુષ્ય જગતને ભારે નુકસાન ઉઠાવવું પડે છે. સાચી-પ્રામાણિક જાણકારીઓનાં અભાવે અધૂરી જાણકારીઓ પગ પસારવા લાગે છે, જે સહુથી વધારે ખતરનાક છે.




ઉપરોક્ત તથ્યોને ધ્યાનમાં રાખીને નેચર નામક એક આંતરરાષ્ટ્રિય સ્તરની શોધપત્રિકાએ ખૂબ જ સ્વાગત યોગ્ય પગલું ઉપાડ્યું છે. નેચરના પ્રકાશકોએ વિશ્વની પ્રમુખ શોધપત્રિકાઓના પ્રકાશકોથી વિચાર-વિમર્શ કરીને, કોવિડ-૧૯ જેવા રોગ સંબંધી શોધ નિબંધોને ત્વરિત મુક્ત રૂપે બધાને પરસ્પર ઉપલબ્ધ કરવા સહમત કર્યા. આ સહમતિ વ્યાપક સ-સૂત્રતા અને સમન્વયને મજબૂત બનાવવામાં સફળ થઇ છે. તમામ શોધ નિબંધોની જાણકારી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO)સુધી પહોંચાડવાની જવાબદારી પણ નેચર પત્રિકાએ ઉપાડી છે. આ એકજૂટ પ્રયાસે વિશ્વના સંશોધકોના ઉત્સાહ અને ઊર્જાને સટીક દિશા આપી. સર્વસમાવેશક શોધ પ્રક્રિયાને ગતિ પણ મળી. વૈજ્ઞાનિકોને સૂચના અપાઇ કે, તે પોત-પોતાની જાણકારીઓનો અન્ય સંશોધકોને કહે અને પરસ્પર વિચાર-વિમર્શને વ્યાપક બનાવે, જેથી કોરોનાનું સાચું વિશ્લેષણ થઇ શકે.

વિશ્વમાં અનેક વૈજ્ઞાનિક શોધ-નિબંધ સમયે સમયે પ્રગટ થતા રહ્યા છે. તેનાં પ્રકાશનની લાંબી પ્રક્રિયા હોય છે. અનેક સ્તરો પર તેનું પરીક્ષણ-નિરીક્ષણ થાય છે. નેચરે સૂચના આપી છે કે- વૈશ્વિક આપત્તિની સ્થિતિમાં રોગ પ્રતિબંધક ઉપાયો માટે આવા શોધ લેખોના પ્રકાશન પહેલા તેની જાણકારી પરસ્પર એક-બીજા સુધી પહોંચવી જોઇએ. આ પરસ્પર સંવાદથી શોધના નિષ્કર્ષ સર્વાંગ સંપૂર્ણ થશે. કોવિડ-૧૯ના વિષયમાં નેચરનો દૃષ્ટિકોણ વિશ્વના હિતમાં ઘણો વ્યાપક અને અર્થપૂર્ણ સિદ્ધ થઇ રહ્યો છે.

શોધ-સમન્વયની ઉપરોક્ત પૃષ્ઠભૂમિમાં આ ઘટના આપણને પ્રાચીન હસ્તપ્રતોની વિખરાઇ ગયેલી વ્યવસ્થા પર વિચાર કરવા માટે વિવશ બનાવે છે. આપણી પ્રાચીન હસ્તલિખિત પાંડુલિપિઓનો ગૌરવશાળી ઇતિહાસ છે. તે અદ્‌ભુત પરંપરાનું મહાન જ્ઞાન, પ્રચુર માત્રામાં આપણને વારસામાં મળ્યું છે. કાલાંતરમાં અનેક અવ્યવસ્થાઓ અને પરિસ્થિતિઓને કારણે તેનો ઘણો મોટો હિસ્સો, આપણાથી છિનવાઇ પણ ગયો. તેમ છતા આજે આપણા શ્રીસંઘો પાસે લાખોની સંખ્યામાં હસ્તપ્રતો ઉપલબ્ધ છે. પણ દુઃખદ સ્થિતિ એ છે કે, પરસ્પર સમન્વયના અભાવે તેનું આજ સુધી સંપૂર્ણ અને સરખું સૂચિકરણ(દસ્તાવેજીકરણ) પણ થયું નથી. આ વાત કઇંક એવી છે, જેમ કોઇ વ્યક્તિના સંતાનોને પોતાના પૂર્વજોની સંપત્તિ તો વારસામાં મળી છે, પણ તે સંપત્તિના કાગળ થોડા કોઇ પાસે છે તો થોડા કોઇ બીજા પાસે છે. આ સ્થિતિમાં કોઇ પણ તે ધનનો ફાયદો નથી લઇ શકતો. કદાચ એક દિવસ એવો પણ આવે કે તે સંપત્તિ વગર તેમનું જીવન પણ અટકી જાય. હસ્તપ્રતોને આવી પરિસ્થિતિથી બચાવીને બહાર લાવવી જરુરી છે.

હસ્તપ્રતોની વર્તમાન દુરવસ્થા પાછળ અનેક કારણો છે. કોઇ વ્યક્તિગત છે, કોઇ સંસ્થાગત છે. વ્યવસ્થાપનમાં દુર્લક્ષતા અને ઉપયોગિતામાં નિષ્ક્રિયતાને કારણે આ અણમોલ વારસો આજે નષ્ટ થવાની અણીપર ઉભો છે. વ્યવસ્થાપકોના અંદર-અંદરના મતભેદ અને ઘોર ઉદાસીનતાને કારણે અનેક ભંડારો પર તાળાં લાગેલા છે. ત્યાં ધૂળ ખાતી આ હસ્તપ્રતો ઉધઈનું ભોજન બની રહી છે. દરવરસે હજારોની સંખ્યામાં પ્રતો આ રીતે નષ્ટ થાય છે. **વૈજ્ઞાનિક શોધપત્રિકા નેચર જેવી પહેલ સાથે, તેવો જ અનુરાગ રાખીને, ભારતના બધા શ્રીસંઘો એકજૂટ થઇને, આપણી પ્રાચીન જ્ઞાન-સંપદાના રક્ષણ અને સંવર્ધન માટે ખુલ્લાં મનથી આગળ આવે તે કેટલું સુંદર કહેવાય.** આપણે આ નિર્ણય સમયસર લેવો પડશે, નહીં તો અબ

पछताए क्या भया, जब चिडीया सुग दई खेत આ કહેવત ચરિતાર્થ થઇ શકે છે.

કોરોના વાયરસથી માણસના પ્રાણ બચાવવા માટે, દુનિયાના તમામ સંશોધકો પોતાના વ્યક્તિગત લાભને ગૌણ કરીને એક મજબૂત સમન્વય બનાવી શકે છે, તો શું તેવો જ સમર્પણભાવ આપણો સમગ્ર શ્રીસંઘ શ્રુતજ્ઞાન માટે તૈયાર ન કરી શકે? તે જ્ઞાન તારું-મારુંનો સંકુચિત દરવાજો તોડીને શું ભવિષ્યની અનેક પેઢીઓના કામમાં નહીં આવે? શું આપણે કોરોના વાયરસ જેવા મોટા ઉદ્રેકની રાહ જોઇ રહ્યા છીએ, જેમાં એક સાથે હજારો-લાખો હસ્તપ્રતો નાશ પામી જાય? શું આપણે હસ્તપ્રતોમાં છુપાયેલ શ્રુતજ્ઞાનને આપણા વિદ્વાનોની દૃષ્ટિ સુધી આવતા પહેલા જ મરી જવા દઇશું?

આ અને આવા અનેક સવાલો સામે સમસ્યાના મોટા-મોટા પર્વત લઇને ઊભા છે. હસ્તલિખિત પ્રતોની સુરક્ષાનો રસ્તો સરળ નથી. સહુથી પહેલો મુદ્દો તો એ છે કે, આ ક્ષેત્રમાં સંશોધન કરવાવાળા અધિકારી મહાત્મા, યોગ્ય વિદ્વાનો અને સક્ષમ સંગઠિત સંસ્થાઓની સંખ્યા માત્ર આંગળીના વેઢા પર ગણાય એટલી છે. આ થોડા ઘણા વિદ્વાનો અને સંસ્થાઓની વચ્ચે પરસ્પર સંવાદ અને સમન્વય નથી. પરસ્પર આદાન-પ્રદાનની પરંપરાના અભાવે અનેક લોકો માટે આ ક્ષેત્ર હવે શુષ્ક થઇ ગયું છે. બીજી કઠિણાઇ એ છે કે, લોકોના મનમાં એવો ભય પણ છે કે, તેમના હાથની વસ્તુઓ સાર્વજનિક થઇ જવાથી, તેના પરથી તેમનો એકાધિકાર સમાપ્ત થઇ જશે. એકાધિકાર (મોનોપોલી)ની આ સમસ્યા આ ક્ષેત્રની મોટી બાધા છે. જ્ઞાનના વિષયમાં સામાન્ય લોકોની રુચિનો અભાવ પણ ખટકે છે. કદાચ સામાન્ય લોકો સુધી આ વિષય પહોંચ્યો જ નથી. અધિકૃત અને વિશિષ્ટ વર્ગની નિષ્ક્રિયતાના ભારને કારણે શ્રુત-સંવર્ધન મોટા અભિયાનનું રૂપ નથી લઇ શકતું. આ રોકાયેલી શૂન્ય અવસ્થા, પરમાત્માના અવમાન જેવી લાગે છે.

આજે હસ્તપ્રતોનું ભવિષ્ય, વર્તમાનના હાથમાં છે. ભૂતકાલીન અનુભવનું ઉદાહરણ આપણી નજર સામે છે, આજે શ્રુતનો મોટો હિસ્સો નષ્ટ થઇ ગયો છે. કોરોનાનો વાયરસ આજે બતાવ્યા વગર આવી ગયો, પણ આખું વિશ્વ તેનો મુકાબલો કરવા માટે એકજૂટ થઇ ગયું, વર્તમાન માટે પણ અને ભવિષ્ય માટે પણ. હસ્તપ્રતોનું સંકટ આપણને ખુલ્લી નજરે દેખાય છે. પણ આપણે આપણી પાસે ઉપલબ્ધ સામર્થ્યનો ઉપયોગ જ નથી કરતા. શું આપણે કોઇ મોટા સંકટની રાહ જોઇ રહ્યા છીએ?


શ્રુતઉદ્ધારના ઉપક્રમને ગતિશીલ બનાવવા માટે આપણે સર્વસમાવેશક અને સર્વસમર્પકભાવની આવશ્યકતા છે. શ્રીસંઘના બધા ઘટક પોતપોતાની ક્ષમતાઓનો સદુપયોગ કરે, આ ક્ષેત્રમાં કાર્યરત વિદ્વાન્ અને સંસ્થાઓ પોતાની પાસે ઉપલબ્ધ હસ્તપ્રતોને એક બીજા સાથે શેઅર કરે, સર્વમાન્ય નિયમાવલીની સાથે ઉપલબ્ધ પ્રતોના વ્યવસ્થિત સૂચિપત્ર બનાવે, ભંડારોમાં રહેલ પ્રતોની સુરક્ષાની સારી વ્યવસ્થા થાય, વિદ્વાન વર્ગ શોધના ક્ષેત્રને વ્યાપક બનાવવા આગળ આવે. સર્વસામાન્ય લોકોને શ્રુતનો ઇતિહાસ, શ્રુતનો મહિમા અને શ્રુતસેવાના કર્તવ્યોથી પરિચિત કરાવવામાં આવે. આ બધાની સહભાગથી જ આપણા અણમોલ વારસાનું સ્વર્ણિમ ભવિષ્ય તૈયાર થશે.

વિજ્ઞાનના પ્રયાસ વડે કોરોનાથી તો શરીર બચી જશે, પણ શરીરમાં રહેલ આત્માની ચિંતા કરનાર શ્રુતને કોણ બચાવશે? કોઇ પાસે જવાબ છે? જો તમને આ ચિંતા એક ટકો પણ યોગ્ય લાગતી હોય તો કૃપા કરી પોતાનો અભિપ્રાય અને ઉપાય ખુલીને સમાજની સામે રાખો. સમય હોવા છતાં આપણે નહીં જાગીએ તો ભવિષ્ય આપણને માફ નહીં કરે.

## સૂચિપત્ર : શ્રુતસંપદાની સુરક્ષાનું પ્રથમ સોપાન

**ડૉ. જિતેંદ્ર બી. શાહ**

આજે ભારતવર્ષમાં જૈન સંઘ પાસે ચારસોથી વધારે હસ્તલિખિત શાસ્ત્રસંગ્રહ છે. ઘણા બધા હસ્તલિખિત જ્ઞાનભંડાર સુરક્ષાના અભાવમાં અથવા ઉપેક્ષાને કારણે નષ્ટ થઇ ગયા છે. વ્યવસ્થાપકોએ અજ્ઞાનતામાં ઘણા બધા હસ્તલિખિત જ્ઞાનભંડારે વિસર્જિત કરી દીધા છે. જે બચ્યા છે તે પણ વ્યવસ્થિત નથી. તેનાં સૂચિપત્ર ઉપલબ્ધ નથી. જો છે તો અવ્યવસ્થિત અપૂર્ણ અને અડધા છે. સાંપ્રદાયિક અને સંકુચિત મનોદશાને કારણે હસ્તપ્રતોની અથવા સૂચિપત્રની કોપી પણ મળતી નથી. એટલે જ આટલી મહેનતથી લખેલ જ્ઞાન કારણ વગર નષ્ટ થઇ જાય છે. ઘણા બધા વિદ્વાન મહાત્મા હસ્તલિખિતોનું સંપાદન અને સંશોધન કરવા માંગે છે, પણ સૂચિપત્રના અભાવે તેમને સાચી માહિતી ઉપલબ્ધ થતી નથી. આ સમસ્યાનું એ જ સમાધાન છે, કે બધી સંસ્થા પોતાના સંગ્રહનું શુદ્ધ, સંપૂર્ણ અને ઉપયુક્ત સૂચિપત્ર બનાવીને પ્રકાશિત કરે. સૂચિપત્ર પ્રકાશિત કરવાથી હસ્તપ્રતોનું દસ્તાવેજીકરણ થઇ જશે અને ભવિષ્ય માટે અતિ ઉપયોગી સંદર્ભ સામગ્રી બની જશે.




સૂચિપત્ર પ્રકાશિત કરવાથી સંશોધક મહાત્મા અને વિદ્વાનોને હસ્તપ્રતની માહિતી ઉપલબ્ધ થાય છે. સંશોધકને હસ્તપ્રત ઉપલબ્ધ કરાવવાથી જ્ઞાનનો ઘણો જ વિશેષ લાભ મળે છે. સૂચિપત્ર પ્રગટ કરવાના પાંચ મહાન લાભ છે-

૧) આજ સુધી અપ્રગટ શાસ્ત્ર પહેલી વાર પ્રગટ થાય છે.

૨) પ્રગટ આવૃત્તિમાં અશુદ્ધિઓ રહી ગઇ હોય તો દૂર થાય છે.

૩) અનેક પ્રાચીન સંદર્ભ ઉજાગર થાય છે.

૪) પૂજ્ય મહાત્માઓને જ્ઞાનદાનમાં સહાય કરવી મોટા પુણ્યની વાત છે.

૫) તેનાથી વિપુલ પ્રમાણમાં જ્ઞાનાવરણ કર્મની નિર્જરા થાય છે.

આજે મોટી મોટી સરકારી સંસ્થાઓમાં જૈન હસ્તપ્રત ઉપલબ્ધ છે. તેના સારા વિવરણાત્મક સૂચિપત્ર ઉપલબ્ધ છે. તે કારણે ત્યાંથી હસ્તપ્રતો મળવી આસાન હોય છે. શ્રી જેસલમેર જૈન જ્ઞાનભંડાર (૭,૪૬૦), આ.શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર, પાટણ (૨૫,૫૦૦), લાલભાઈ દલપતભાઈ સંસ્કૃતિ વિદ્યા મંદિર, અમદાવાદ (એક લાખ હસ્તપ્રત), આ.શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા (બે લાખ હસ્તપ્રત), શ્રી રંગ-કનક-વિમલ જ્ઞાનમંદિર માલવાડા (૧,૨૩૬), જેવી જૈન સંસ્થાઓનાં સૂચિપત્ર પણ ઉપલબ્ધ છે. પરંતુ શ્રી સંઘ હસ્તક સંસ્થાઓના સૂચિપત્ર પ્રકાશિત નથી. અધિકાંશ સંઘના હસ્તપ્રતોનું વ્યવસ્થિત સૂચિપત્ર નથી બન્યું. કોઇ સંસ્થાઓએ તૈયાર કર્યું છે પરંતુ તેમાં સૂચિકરણના નિયમોનું પાલન નથી કર્યું. અને તેની એક જ પ્રતિ તે સંઘમાં કોઇ એક ટ્રસ્ટી પાસે રહે છે. જે ક્યારેય પણ સમય પર મળતી નથી.

પાછલા સો વર્ષમાં આપણા જિનમંદિરોનો જીર્ણોદ્ધાર સંપન્ન થયો છે. પણ આપણા સાત સો (૭૦૦)થી વધુ ભંડારની એંશી લાખ હસ્તપ્રતો નષ્ટ થઇ ગઇ છે. બચેલા હસ્તલિખિત જ્ઞાનભંડાર અને વીસ લાખ હસ્તપ્રતનો જીર્ણોદ્ધાર કરવો હજી પણ બાકી છે. સુરક્ષાના અભાવે આપણી જ્ઞાનસંપદાઓ નષ્ટ થઇ રહી છે. તેને બચાવવા માટે આપણે ઠોસ પગલા ઉપાડવા પડશે. અન્યથા તે વારસો પણ કાલશેષ થઇ જશે.

તમે વિચારો તમારી દુકાનમાં ઘણો બધો માલ પડ્યો છે. પણ તેનો સ્ટોક રજિસ્ટર નથી કરાતો. કયો માલ ક્યાં છે? કેટલો છે? કેવો છે? આ વાત કોઇને ખબર નથી તો શું થશે? પહેલા તો કોઇ ગ્રાહક આવશે તો અપેક્ષિત માલ નહીં મળે. ગ્રાહક બીજી દુકાને જશે. ધંધામાં નુકસાન થશે. બે, તે માલ ત્યાં પડ્યો પડ્યો સડી જશે. નફાનું પણ નુકસાન અને સંપત્તિનું પણ નુકસાન. ત્રણ, જો માલ ત્યાંથી ચોરાઇ ગયો તો ખબર નહીં પડે. આ બધી વાતોનું પરિણામ એ આવે કે ધંધો ખોટમાં જશે. દુકાનમાં સ્ટોકની નોંધ ન કરવાથી જે નુકસાન થાય છે તે જ નુકસાન હસ્તપ્રતોના **સૂચિપત્ર નહીં બનાવવાથી થાય છે. સૂચિપત્ર ભગવાને આપેલ રત્નોનું સ્ટોક રજિસ્ટર છે.** દુકાનમાં માલ ખરાબ થઇ જાય કાં તો ખતમ થઇ જાય તો નવો બનાવી શકાય છે પણ એક હસ્તપ્રત ભંડાર ખતમ થઇ જાય તો પાછો નહીં બને. ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૩ના દિવસે આચાર્ય **શ્રીહર્ષસાગરસૂરિજી** મહારાજે શ્રુતભવન દ્વારા આયોજિત તેર નવસંપાદિત શાસ્ત્રોના સંઘાર્પણ સમારોહમાં કહ્યું હતું કે,

**"એક જિનાલય અથવા એક મૂર્તિ નષ્ટ થઇ જાય તો તે નવી બની શકે છે. પણ એક શાસ્ત્ર નષ્ટ થઇ જાય તો તે નવું નથી બની શકતું. તેને પાછું બનાવનાર આ દુનિયામાં કોઇ નથી."**

સૂચિપત્ર બનાવવું હસ્તપ્રતોની સુરક્ષા માટે અતિ આવશ્યક છે.આપણા પૂર્વાચાર્યોએ લાખોની સંખ્યામાં હસ્તપ્રતો પોતે લખી અને લખાવડાવી, કેમકે આવનાર પેઢી તેને વાંચીને પોતાનું જ્ઞાન નિર્મળ કરી શકે. આને તિજોરીમાં તાળું લગાવીને બંદ રાખવા માટે નથી લખ્યું. આ હીરા-ઝવેરાત નથી, આ જીવંત જ્ઞાન છે. અને **જ્ઞાન ત્યારે જીવંત રહે છે જ્યારે તેને વાંચવામાં આવે છે.** બીજ તિજોરીમાં નહીં, ધરતીમાં જીવંત રહે છે. **શ્રુતજ્ઞાન ભંડારોમાં નહીં, મહારાજ સાહેબનાં મસ્તકમાં જીવંત રહે છે.** આપણું કર્તવ્ય છે, શ્રુતજ્ઞાનનો આ વારસો તેના સાચા અધિકારી ગુરુ ભગવંત સુધી પહોંચે. જો આપણે આ નથી કરતા તો આપણે તીર્થંકરોનો અને પૂરી આચાર્ય પરંપરાનો અને શ્રુતપરંપરાનો દ્રોહ કરીએ છે, આ જ્ઞાન સંપદા બધા અધિકારી ગુરુ ભગવંત સુધી પહોંચે એ માટે સૂચિપત્રોનું મુદ્રણ થવું જરુરી છે.

શ્રુતભવન હસ્તલિખિત શાસ્ત્રસંગ્રહ, પુણે — कृति की अनुक्रम अनुसार सूचि

| अ.नं. | हस्तप्रत क्र. | ग्रंथनाम | मूल कर्ता | टीका कर्ता | भाषा | कु.पत्र | उप.पत्र | पू.ता | ले.वर्ष | रिमार्क | विषय |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | ०००१ | गति-आगति बोल आदि | अज्ञात | | मा.गु. | ९ | १-९ | पू. | १८८० | | तत्त्व. |
| २ | ०००२ | चोवीसजिन गर्भकालमान यंत्र | अज्ञात | | मा.गु. | १ | १ | पू. | | कोष्टक कृति। | तत्त्व. |
| ३ | ०००३ | चोवीसजिन मातापितादि नाम वर्णन | अज्ञात | | मा.गु. | ३ | १-३ | पू. | | कोष्टक कृति। | तत्त्व. |
| ४ | ०००४ | चतुर्विंशतिजिन नमस्कार | अज्ञात | | सं. | १ | १ | पू. | | | स्तोत्र |
| ५ | ०००५ | चोवीसजिन कल्याणक तिथि | अज्ञात | | मा.गु. | १ | १ | पू. | | | तत्त्व. |
| ६ | ०००६ | चोवीसजिन आयुमान | अज्ञात | | मा.गु. | १ | १ | पू. | | कोष्टक कृति। | तत्त्व. |
| ७ | ०००७ | समकित विचार | अज्ञात | | मा.गु. | १ | १ | पू. | १८८७ | | तत्त्व. |
| ८ | ०००८ | पाक्षिक अतिचार | अज्ञात | | प्रा.+मा.गु. | ८ | १-८ | पू. | | | आचार |
| ९ | ०००९ | श्राविका अतिचार | अज्ञात | | प्रा.+मा.गु. | ४ | १-४ | पू. | | | आचार |
| १० | ००१० | पुण्य कुलक सह टबार्थ आदि | अज्ञात | अज्ञात | प्रा., मा.गु. | ४ | १-४ | पू. | | | उप. |
| ११ | ००१०/पे.१ | पुण्य कुलक सह टबार्थ | अज्ञात | अज्ञात | प्रा., मा.गु. | | १अ-२अ | पू. | | | उप. |
| १२ | ००१०/पे.२ | गौतम कुलक सह टबार्थ | गौतम ऋषि | अज्ञात | प्रा., मा.गु. | | २अ-४ब | पू. | | | उप. |
| १३ | ००११ | संथारा विधि | अज्ञात | | प्रा. | २ | १-२ | पू. | | | आ. आव. |
| १४ | ००१२ | सिद्ध पंचदश भेद आदि | अज्ञात | | मा.गु. | १ | १ | पू. | | | तत्त्व. |
| १५ | ००१३ | धन्ना-शालिभद्र सज्झाय | सहजसुंदर | | मा.गु. | १ | १ | पू. | | | उप. |
| १६ | ००१४ | भरतराजेश्वर सज्झाय आदि | इंद्र ऋषि शिष्य | | मा.गु. | १ | १ | पू. | | | उप. |
| १७ | ००१४/पे.१ | भरतराजेश्वर सज्झाय | इंद्र ऋषि शिष्य | | मा.गु. | | १अ-१अ | पू. | | | उप. |
| १८ | ००१४/पे.२ | अइमुत्ता सज्झाय | काह्न | | मा.गु. | | १अ-१ब | पू. | | | उप. |
| १९ | ००१५ | सुदर्शनसेठ सज्झाय | प्रेम मुनि | | मा.गु. | १ | १ | पू. | | | उप. |
| २० | ००१६ | सप्तबंधव सज्झाय | कवियण | | मा.गु. | १ | १ | पू. | | | उप. |
| २१ | ००१७ | सुभाषित | अज्ञात | | सं. | १ | १ | पू. | | | सुभा. |

શુદ્ધ, સંપૂર્ણ અને ઉપયુક્ત સૂચિપત્ર બનાવવા માટે હસ્તપ્રતોની આવશ્યક હોય છે. સ્કેનકોપી કરવાનો સહુથી મોટો ફાયદો એ છે કે જો કોઇ કારણવશ મૂળ પ્રત નષ્ટ થઇ જાય તો તેમાં લખેલું જ્ઞાન જીવિત રહે છે, આદાન-પ્રદાનમાં સુવિધા થાય છે. હસ્તપ્રતને નુકસાન કર્યા વગર કાર્ય કરી શકાય છે. સ્કેન કોપીના આધારે સૂચિપત્ર બનાવવું સહેલું થાય છે.

સાર રૂપે એમ કહી શકાય કે શ્રુતસંપદાની રક્ષા માટે ત્રણ પ્રાથમિક કાર્ય અતિ આવશ્યક છે.

૧) શ્રુતસંપદા(હસ્તપ્રત)ની સુરક્ષાનો પ્રબંધ.
૨) શ્રુતસંપદાનું સૂચિકરણ.
૩) શ્રુતસંપદાની સૂચિનું પ્રકાશન.




શ્રુતભવન ગયા દશ વર્ષથી આ ક્ષેત્રમાં કાર્યરત છે. શ્રુતભવનના માધ્યમથી આજ સુધી લગભગ ૫૦ હસ્તપ્રત ભંડારોની ૬૦,૦૦૦ ડિજિટાઇજ્ડ હસ્તપ્રતોનું સૂચિપત્ર બની ગયું છે. શ્રુતભવને ૨૦૦ મુદ્રિત અને ૨૦૦ અમુદ્રિત સૂચિપત્રોનો સંગ્રહ કર્યો છે. આ સૂચિપત્રોમાં લગભગ ૪ લાખ હસ્તપ્રતોની માહિતી ઉપલબ્ધ છે. સૂચિપત્ર બનાવવા માટે આંતરરાષ્ટ્રિય માનક ઉપયોગમાં લેવાય છે. શ્રુતભવન દ્વારા નિર્મિત સૂચિપત્રોમાં નિષ્ણાત પંડિતજી દ્વારા નિર્મિત સૂચિપત્રોમાં સટીક માહિતી હોય છે. શ્રુતભવન દ્વારા નિર્મિત સૂચિપત્રોમાં અલગ અલગ સાત પ્રકારે સર્ચ કરવાની સુવિધા હોય છે. આ રીતે મુદ્રિત સૂચિપત્ર અધિકારી ગુરુભગવંતને ઘણું સહાયક નિવડે છે. શ્રુતભવન ઇચ્છે છે કે આ માહિતી બધા અધિકારી ગુરુભગવંતોને સહેલાઇથી ઉપલબ્ધ થાય.

શ્રમણ પ્રધાન સકલ શ્રી સંઘને અમારો વિનમ્ર અનુરોધ છે કે-

૧) જો તમને કોઇ પણ હસ્તલિખિત જ્ઞાન ભંડારના જાણકારી હોય તો અમને જાણ કરે.
૨) શ્રી સંઘને હસ્તલિખિત પ્રતોની મહત્તા સમજાવીને સુરક્ષિત કરવાનો પ્રબંધ કરવાની પ્રેરણા કરે.
૩) જો હસ્તપ્રત સંગ્રહનું સૂચિપત્ર નથી અથવા સુયોગ્ય અને ઉપયોગી નથી તો તેનું સૂચિપત્ર નિર્માણ કરવાનો લાભ શ્રુતભવનને અવશ્ય આપે.
૪) બધા સંઘને સૂચિપત્ર બનાવીને પ્રકાશનની પ્રેરણા કરે.
૫) હસ્તપ્રતોની સ્કેન કરવાની પ્રેરણા કરે. હસ્તપ્રતોનું સ્કેનિંગ કરવાનો લાભ શ્રુતભવનને અવશ્ય આપો.

## સમાચાર

**પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં પર્યુષણ પર્વ ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થયા.**

**તા. ૨૮-૦૮-૨૦૨૦ ના દિવસે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ મંદિરે પૂજ્ય ગુરુદેવની પાવન ઉપસ્થિતિમાં દ્વારશાખ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ સંપન્ન થયો.**

## કાર્યવિવરણ

શાસ્ત્ર સંશોધન પ્રકલ્પ અંતર્ગત **લોકપ્રકાશ, પૃથ્વીચંદ્રચરિત્ર, અરિષ્ટનેમિજીનચરિત, વૃત્તરત્નાકર સહ ટીકા, ઋજુપ્રાજ્ઞવ્યાકરણ, નવતત્ત્વપ્રકરણ સહ ટીકા** અને **છંદોરત્નાવલી**નું સંપાદન કાર્ય ચાલુ છે. પૂ. સા. શ્રી **મધુરહંસાશ્રીજી** મ. **પ્રદેશી રાજા ચરિત્ર**નું લિપ્યંતર કરે છે. પૂ. સા. શ્રી. **ધન્યહંસાશ્રીજી** મ. **પર્યુષણચિંતામણિ પ્રકરણ સહ ટબાર્થ**નું લિપ્યંતર કરે છે.

વર્ધમાન જિનરત્નકોશ પ્રકલ્પ અંતર્ગત પૂ. આ. શ્રી **મુનિચંદ્રસૂ.** મ.સા., પૂ. આ. શ્રી **હેમવલ્લભસૂ.** મ.સા., પૂ. આ. શ્રી **નરરત્નસૂ.** મ.સા., પૂ. આ. શ્રી **રત્નાચલસૂ.** મ.સા., પૂ. મુ. શ્રી **શીલચંદ્રવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **દેવર્ષિવલ્લભવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **કીર્તિંદ્રવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **તીર્થયશવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **શ્રુતાંગચંદ્રવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **સુયશચંદ્રવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **ભવ્યસુંદરવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **વિશ્વચંદ્રવિ.** મ.સા., પૂ. પં. શ્રી **હિતરત્નવિ.** મ.સા., પૂ. **નિરજમુનિજી** મ.સા. (સાધુમાર્ગી સંપ્રદાય), શ્રી **કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર-કોબા**, અને **કિરીટભાઈ શાહ**ને હસ્તલિખિત પ્રત સંબંધિ માહિતી પ્રદાન કરવાનો લાભ મળ્યો.

## પ્રાચીન શ્રુતસંપદાના સમુદ્ધાર અર્થે સમુદાર સહયોગ આપનારા મહાનુભાવોની નામાવલી

- શ્રી માણેકચંદ નેમચંદ શેઠ ચૅરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ
- પૂ. આ. શ્રી હેમપ્રભસૂરિજી મ.સા. અને પૂ. પં. શ્રી વજ્રસેનવિજયજી મ.સા.ની પ્રેરણાથી શ્રી હાલારી વિશા ઓસવાલ આદિજિન સેવા ટ્રસ્ટ, પાલિતાણા
- શ્રી અભયજી શ્રીશ્રીમાળ (જૈન) (અભુષા ફાઉંડેશન, ચેન્નઈ)
- શ્રી આર્યનભાઈ બી. શાહ
- શ્રી જવાહરનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ગોરેગાવ, મુંબઈ
- પૂ. સા. શ્રી ઉદ્યોતદર્શનાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી ગિરનાર ટાવર શ્રાવિકા સંઘ, ચેન્નઈ
- પૂ. આ. શ્રી યશોવિજયસૂ. મ.સા. અને પૂ. આ. શ્રી મુનિચંદ્રસૂ. મ.સા. ની પ્રેરણાથી શ્રી પરમજિન ભદ્રશાંતિ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, પાલ, સુરત
- શ્રીમતી દીપ્તિબેન અમરચંદજી મહેતા, નાગપુર
- શ્રી મોહનભાઈ મૂળજી, મુંબઈ
- શ્રી શત્રુંજય દર્શન જૈન સંઘ, એકબોટે કોલોની, પુણે
- ભારતી મોતીલાલ જૈન
- સૌ. કવિતાબેન રિતેશભાઈ કોઠારી, લેકટાઉન, પુણે
- શ્રી જતીનભાઈ ચંપકલાલ ગાલા, અમૃતબેન ચંપકભાઈ ગાલા, મુંબઈ
- શ્રી આર્જવ દીપકભાઈ મહેતા પરિવાર, પુણે

## પ્રતિભાવ

સૂત્રકૃતાંગસૂત્ર પદાર્થ સંગ્રહ તથા અનુયોગદ્વાર પદાર્થની નોંધ મળી. આપણે ત્યાં છેલ્લા કેટલાંક વર્ષોથી આગમનો અભ્યાસ-સ્વાધ્યાય કરવાની પરંપરા પ્રાયઃ લુપ્ત થઈ ગઈ છે. સહુ કોઈ ન્યાય-દર્શન-સાહિત્યના ગ્રંથોનો અભ્યાસ કરવામાં જ પરિશ્રમ કરી રહ્યા છે. આ એક સારી વાત હોવા છતાં આગમનો અભ્યાસ થતો ન હોવાને કારણે ત્યાગ-વૈરાગ્યમાં અભિવૃદ્ધિ થતી જોવા મળતી નથી તેવા સમયે, તથા નવા યુવાન સાધુ સાધ્વીજીઓને આ દિશામાં આગળ વધવા માટે બન્ને આગમોનો પદાર્થસંગ્રહ ખૂબ જ ઉપયોગી થશે. આ પદાર્થસંગ્રહ નાની પુસ્તિકા રૂપે પ્રગટ થાય તો તેનું કાયમી મૂલ્ય રહેશે. આવા પદાર્થસંગ્રહ અથવા સારસંગ્રહ કે સારસંક્ષેપથી સ્વાધ્યાય અને અધ્યયનની પરંપરા વધશે તેવું મને જણાય છે. આપનો પરિશ્રમ જરૂર સફળ થશે જ.

-ડૉ. જિતેંદ્ર બી. શાહ

## સુવાક્ય

આજે વિશિષ્ટ રીતે જૈન દર્શન જીવિત હોય તો તે એક શ્રુતને આભારી છે, અને શ્રુત જીવિત હોય તો તે જ્ઞાનભક્તિને આભારી છે. આગમ ગ્રંથોની પ્રતિષ્ઠા ભગવાનની પ્રતિષ્ઠાનો એક ભાગ છે.

- શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ

**Printed Matter**

**Posted under clause 121 & 114 (7) of P & T Guide**

To,


**From : Shrutbhavan Research Centre**

**(Initiation of Shrutdeep Research Foundation)**

47/48, Achal Farm, Nr. Sachchai Mata Mandir, Ahead of Jain Agam Temple, Katraj, Pune-411046
Mo. 07744005728 Email : shrutbhavan@gmail.com Website : www.shrutbhavan.org



For Informative and Inspirational speeches about Shrut please subscribe our Shrutbhavan YouTube channel